Dear Parents,

As you know the school has received a provisional fee from the Fee Regulation Committee, Vadodara. There is a lengthy process up to the finalization of fee. Also the fee matter is currently under debate in the Supreme Court.

Therefore please note that these fees are provisional only.

ક્રમાંક/FRC/૨૦૧૮/૬૯૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા..૧૨/..૯/૨૦૧૮

## ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, (સ્વનિર્ભર શાળાઓ)

સરનામું- જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવન સામે,
કારેલીબાગ, વડોદરા.
E-mail: frcvadodara@gmail.com

---

નંબરઃ એફ.આર.સી./વડોદરા/દરખાસ્ત નં.૧૦૭/૨૦૧૮. તારીખઃ- ૧૧-૦૯-૨૦૧૮.

(૧) શાળાની દરખાસ્ત તથા તમામ રજુ કરેલા કાગળો.
(૨) ધી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક ૨૦૧૭.
(૩) ધી ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો-૨૦૧૭.
(૪) સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પેશિયલ લીવ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮ ના તમામ હુકમો.

### // આ દે શ //

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે અરજદાર સેવિયોટ કીડસ (પ્રિ.પ્રાયમરી) (સી.બી.એસ.ઇ.)(અંગ્રેજી માધ્યમ), હરણી,વડોદરા-૩૯૦૦૨૨ શાળાની ફી નિર્ધારણ અંગેની દરખાસ્ત ફોર્મ નં.૨ માં જરૂરી દસ્તાવેજો સાથે ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન સમક્ષ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પેશીયલ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮ ના કામે તા.૧૧-૦૭-૧૮ ના રોજ કરવામાં આવેલા હુકમ મુજબ અરજદાર શાળાએ બે અઠવાડીયામાં ફી નિયમન સમિતિ સમક્ષ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ અને સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેનું પ્રપોઝલ ફોર્મ (દરખાસ્ત) રજુ કરવાનો હુકમ કરેલો છે જે અન્વયે અરજદાર શાળા તરફથી હાલની દરખાસ્ત અત્રેની ફી નિયમન સમિતિ સમક્ષ રજુ કરવામાં આવી છે.

(૨) સ્વનિર્ભર કેટલીક શાળાઓ તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં (Special Leave to Appeal (Civil)No.314/2018 તા.૧૯-૦૨-૨૦૧૮, તા.૨૫-૦૪-૨૦૧૮ તેમજ તા.૧૧-૦૭-૨૦૧૮ ના આદેશો અન્વયે તેમજ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બમસ/૧૧૧૮/૧૫૭/છ, તા.૦૧-૦૩-૨૦૧૮ અન્વયે ફી નિયમન સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલી શાળાને દરખાસ્ત અંગે પ્રોવિઝનલ ફી નક્કી કરવાનું ઠરાવેલ છે.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

(૩) સમિતિ ધ્વારા અરજદાર શાળાની ફી દરખાસ્ત અંગે કરેલી ફીના વ્યાજબીપણાની માગણી સંદર્ભે તેઓના સને ૨૦૧૪-૧૫ થી સને ૨૦૧૭-૧૮ના હિસાબોની ચકાસણી કરતા શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા, શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ, તેઓના પગાર, વહીવટી ખર્ચ, શાળાના મકાન ભાડુ, ઘસારા ખર્ચ, શાળા ધ્વારા વિદ્યાર્થીઓની સગવડો જોતાં પ્રાથમિક તબકકે આખરી ફી નિર્ણય થઇ શકે તેમ નથી. તેઓના રજુ કરેલા હિસાબો અને આવકોને ધ્યાને રાખતા શાળા નફો કરતી હોવાની શકયતાને નકારી શકાય તેમ નથી. શાળા ધ્વારા લેવામાં આવતી ફી ઘણી જ વધારે અને ગેરવ્યાજબી જણાય છે. ફી નિયમન કાયદાનો ઉદ્દેશ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે શાળાની પ્રોવિઝનલ ફી નકકી કરવામાં આવી છે.

(૪) અરજદાર શાળા ધ્વારા પ્રિ.પ્રાયમરીના વર્ગો ચલાવવામાં આવે છે. પ્રિ.પ્રાયમરી વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૭૩ છે અને જે માટેની દરખાસ્ત ૧૦૭/૨૦૧૮ રજુ કરવામાં આવેલ છે. અરજદાર શાળા ધ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્ત ફીમાં નીચેની વિગતો દર્શાવવામાં આવી છે.

| અ. નં. | માધ્યમ | સને ૨૦૧૫-૧૬ ની વિદ્યાર્થી દીઠ વાર્ષિક ફી (રૂા.) | વિદ્યાર્થી ની સંખ્યા | સને ૨૦૧૬-૧૭ ની વિદ્યાર્થી દીઠ વાર્ષિક ફી (રૂા.) | વિદ્યાર્થી ની સંખ્યા | સને ૨૦૧૭-૧૮ ની વિદ્યાર્થી દીઠ વાર્ષિક ફી (રૂા.) | વિદ્યાર્થી ની સંખ્યા | સને ૨૦૧૭-૧૮ ની વિદ્યાર્થી દીઠ સૂચિત ફીની માગણી (રૂા.) | સને ૨૦૧૮-૧૯ ની વિદ્યાર્થી દીઠ સૂચિત ફીની માગણી (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | પ્રિ.પ્રાયમરી | રૂા.૭૬૦૦૦ | ૨૫૧ | રૂા.૮૩૫૦૦ | ૨૫૨ | રૂા.૮૩૫૦૦ | ૨૭૩ | રૂા.૧૨૫૦૦૦ | - |

(૫) અરજદાર શાળા જનપ્રિયા ટ્રસ્ટ ધ્વારા ચલાવવામાં આવે છે જેને ઇન્કમટેક્ષ ઓફીસ, કલકત્તા તરફથી આપવામાં આવેલ સર્ટીફિકેટ અત્રે રજુ કરેલ છે. પરંતુ ટ્રસ્ટની નોંધણીનું ટ્રસ્ટ ડીડ ચેરીટી કમિશ્નરશ્રી પાસે નોંધવામાં આવેલ ટ્રસ્ટનો દાખલો રજુ કરેલ નથી.

(૬) અરજદાર શાળા ધ્વારા બિલ્ડીંગ અંગેના નકશા રજુ કરેલા છે જે હરણી ગામના સર્વે નં.૯૧ ફાઇનલ પ્લોટ નં.૬૫ અને ટી.પી.નં.૧ ના પ્રપોઝ જનપ્રિયા ટ્રસ્ટના રજુ કર્યાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ જનપ્રિયા ટ્રસ્ટને સ્કુલ તરફથી ભાડુ ચુકવવામાં આવતું હોય તેવો ભાડાના કરાર માટેનો કોઇ પણ દસ્તાવેજી પુરાવો અત્રે રજુ કરેલો નથી. ટ્રસ્ટ પોતે જ મિલકત ધારણ કરે છે અને હિસાબી ચોપડામાં ટ્રસ્ટને જ ભાડુ ચુકવવામાં આવે છે અને તેમાં સને ૨૦૧૭-૧૮ ના વર્ષના હિસાબમાં ભાડાની રકમ ખર્ચ તરીકે રૂા.૧,૯૧,૯૨,૫૭૨/- એકટીવીટી ખર્ચ તરીકે રૂા.૬,૨૫,૭૨૯/- એજન્સીના ખર્ચ તરીકે રૂા.૨૧,૪૭,૨૫૭/- પરચુરણ ખર્ચ તરીકે રૂા.૪,૫૯,૮૧૪/- ડેવલપમેન્ટ ખર્ચ (કેપીટલ ખર્ચ) તરીકે રૂા.૧,૪૮,૬૩૮/- ની રકમ ઉધારવામાં આવી છે જે શાળા ધ્વારા ખૂબ જ વધુ પ્રમાણમાં નફો કરતી હોવાનું પ્રથમ-દર્શનીય ફલીત થાય છે.

(૭) અરજદાર શાળા ધ્વારા જે ફીની રકમ ઉઘરાવવામાં આવે છે તેમાં ૩૮.૨૯ ટકા કરતાં વધુ રકમ ભાડા પેટે ચુકવવામાં આવે છે. ભાડા અંગેનો કોઇ કરાર રજુ કર્યો નથી. જ્યારે જમીન અને મિલકત ટ્રસ્ટની પોતાની જ હોય ત્યારે ભાડુ લઇ શકે નહિ. પરંતુ મિલકત ઉપરનો વ્યાજબી ખર્ચ મજરે અપાવી શકાય. અરજદાર શાળા ધ્વારા ઉધારવામાં આવેલ અને માગવામાં આવેલ ભાડાની રકમ મજરે ગણી શકાય નહિ. પરંતુ તમામ મિલકતનું વ્યાજબી વળતર ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા વેલ્યુઅર ધ્વારા નકકી કરાયેલ રકમ રૂા.૩૮,૦૯,૮૯૦/- ફી નિયમન સમિતિ ધ્વારા નકકી કરાયેલ છે અને તે મજરે આપવામાં આવેલ છે.

(૮) અરજદાર શાળા ધ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં ટ્રસ્ટના ઓડીટ થયેલા કોઇ જ હિસાબો રજુ કરેલા નથી. ટ્રસ્ટના ઇન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલા નથી. જ્યારે ટ્રસ્ટ પોતે જ મિલ્કત ધારણ કરતી હોય તો અરજદાર શાળા ધ્વારા માગવામાં આવેલી ફી વ્યાજબી હોવાનું ઠરાવી શકાય નહિ અને માગેલી ફી વ્યાજબી હોવાનું ગણી શકાય નહિ. વધુમાં

ફી નિયમન સમિતિ ઝોન, વડોદરા

અરજદાર શાળા ધ્વારા તમામ ફી જમવાના ખર્ચ સાથે ગણવામાં આવેલી છે. અરજદાર શાળા ધ્વારા એડમીશન ફી તરીકે વિધ્યાર્થી દીઠ રૂા.૩૫૦૦૦/- ની માગણી કરવામાં આવે છે જે માટે કોઇ વ્યાજબી કારણ જણાવવામાં આવતું નથી અને તેથી આટલી મોટી રકમ એડમીશન ફી તરીકે આપી શકાય નહિ.

(૯) ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા વેલ્યુઅર ધ્વારા અરજદાર શાળાના હિસાબોની ચકાસણી કર્યા બાદ પ્રાયમરીમાં વિદ્યાર્થી દીઠની સરેરાશ ફી રૂા.૫૪૨૭૫/-આવે છે તેમજ ૫ ટકા ભવિષ્યના ડેવલપમેન્ટ ખર્ચની રકમ રૂા.૨૭૧૪/- ઉમેરતાં વિદ્યાર્થી દીઠની ફી રૂા.૫૬૯૮૮/- નકકી થાય છે જેથી ફી નિયમન સમિતિ ધ્વારા વચગાળાની ફી તરીકે રૂા.૫૭૦૦૦/- (અંકે રૂપિયા સત્તાવન હજાર)પુરા સને ૨૦૧૭-૧૮ ની પ્રપોઝલ ફી નકકી કરવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

| અ. નં | ધોરણ | શાળા ધ્વારા માગવામાં આવેલ વિદ્યાર્થી દીઠ સૂચિત ફી | શાળા ધ્વારા માગવામાં આવેલ વિદ્યાર્થી દીઠ સૂચિત ફી (રૂપિયા) | ફી નિયમન સમિતિ ધ્વારા મંજુર કરાયેલ વિદ્યાર્થી દીઠ ફી સને ૨૦૧૭-૧૮. |
|---|---|---|---|---|
| | | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | |
| ૧ | પ્રિ.પ્રાયમરી | રૂા.૧,૨૫,૦૦૦ | રૂા.૧,૨૫,૦૦૦ | રૂા.૫૭,૦૦૦/- (તમામ હેડ નીચે જમવા સાથે) |

<u>શરતોઃ-</u>

(૧) આથી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સને ૨૦૧૮-૧૯ ના વર્ષની વાર્ષિક ફી સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલ ફીની રકમના ૫ ટકા રકમ કરતાં વધારે રકમ લઇ શકશે નહિ અને કોઇ પણ સંજોગોમાં ત્રિમાસિક ફી કરતાં વધુ સમયની ફી લઇ શકશે નહિ.

(૨) આથી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલી પ્રોવિઝનલ ફી કરતાં વધારે ફી શાળા લઇ શકશે નહિ અને શાળાએ જો વધારે ફી લીધી હોય તો તેઓને વિદ્યાર્થીઓને પરત કરવાની રહેશે ને જો ઓછી ફી વિદ્યાર્થી ધ્વારા ભરેલી હશે તો વિદ્યાર્થીએ સરભર કરવાની રહેશે. નકકી કરેલી ફી સિવાય કોઇ પણ પ્રકારની ફી શાળા લઇ શકશે નહિ.

(૩) સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ પ્રોવિઝનલ ફી સમિતિના આખરી હુકમોને આધિન રહેશે. જે કોઇ પણ વાંધા સાંભળી તેમાં ફેરફારને આધિન રહેશે અગર ફી રીવીઝન સમિતિને અથવા નામદાર સુપ્રિમ કોર્ટના આખરી હુકમને આધિન રહેશે.

(૪) સમિતિ ધ્વારા સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલ પ્રોવિઝનલ ફીની ૫ ટકા રકમનો વધારો સને ૨૦૧૮-૧૯ અને સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે લઇ શકશે.

(૫) ફી નિયમન સમિતિએ જાહેર કરેલ પ્રોવિઝનલ ફીની સામે શાળાને જો કોઇ વાંધો હોય તો ફી વધારા માટેના વ્યાજબી કારણો સાથેની રજુઆત આ હુકમની તારીખથી ૭ (સાત) દિવસમાં ફી નિયમન સમિતિ સમક્ષ રજુઆત કરી શકશે.

(૬) ફી નિયમન સમિતિ ધ્વારા નિર્ધારિત કરેલ પ્રોવિઝનલ ફીની વિગતો શાળા ધ્વારા નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ ઉપર ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રદર્શિત કરવાની રહેશે.

વડોદરા.
તારીખઃ- ૧૧-૦૯-૨૦૧૮.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોનના તા.૧૧/૦૯/૨૦૧૮ ના આદેશાનુંસાર

(સંયોજક)
ફી નિયમન સમિતિ વડોદરા ઝોન.

પ્રતિ,
સેવિયોટ કીડસ (પ્રિ.પ્રાયમરી) (સી.બી.એસ.ઇ.)(અંગ્રેજી માધ્યમ), હરણી,વડોદરા-૩૯૦૦૨૨

નકલ રવાનાઃ- સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા.